બારડોલી કાર્યાલય: , શ્રેયસ કોમ્પલેક્ષ, વામદોત પેટ્રોલ પંપની સામે, સરદાર બાગ, બારડોલી-૨ : ૦૨૬૨૨-૨૨૦૪૮૪, ૯૮૨૪૩૫૩૬૭૫ કામરેજ : ૯૮૯૮૨૧૫૪૦૦- ૯૮૨૫૧૦૯૮૯૬ પલસાણા : ૯૮૨૪૧૪૩૦૨૩ સાયણ : ૨૪૨૩૪૩ ઓલપાડ : ૯૮૯૮૪૦૬૬૯૮ મહુવા : ૯૪૨૭૧૨૫૬૨૫
વ્યારા કાર્યાલય: ૧૦૪, પહેલા માળે જે.બી. એન્ડ એસ એ સ્કૂલ શોપીંગ સેન્ટર, ટાવર રોડ, વ્યારા જી.તાપી : ૮૯૮૦૧ ૬૩૧૬૩ વાલોડ: ૯૮૭૯૯૨૧૪૭૭ ભરૂચ કાર્યાલય: ૧૦૨ હરિકૃષ્ણ ગોલ્ડન પ્લાઝા કોમ્પલેક્ષ, વરિયા હોસ્પિટલ પાસે, સુપર માર્કેટ, સ્ટેશન રોડ-ભરૂચ: ૯૪૨૭૧૧૬૯૧૬, અંકલેશ્વર : ૯૮૭૯૩૪૪૪૫૫, ૯૮૨૫૪૨૯૦૦૧

### ગેસ રિફિલિંગ વખતે આગ લાગતાં દુકાનદારની છ વર્ષની બાળકીનું મોત થયું હતું

# વરેલીની દુકાનમાં બ્લાસ્ટ કેસમાં પોલીસ અધિક્ષકે કડોદરા પોલીસની પોલ ખોલી

**પલસાણા** પોલીસે અકસ્માતનો ગુનો નોંધ્યો હતો, જયારે ડીવાયએસપીએ દોષ માનવવધનો ગુનો દાખલ કર્યો

પલસાણા: પલસાણા તાલુકાના વરેલી ગામે ગયા રવિવારે સવારે તુલસીધામ સોસાયટીમાં અનાજ કરીયાણાની દુકાનની આડમાં ગેસ રિફિલિંગનો ધંધો કરતા વેપારીની દુકાનમાં બ્લાસ્ટ થતાં તેની ૬ વર્ષની માસુમ દીકરી આગમાં હોમાઇ ગઇ હતી. તેમ છતાં પોલીસે તેની ચામડી બચાવવા અકસ્માતનો ગુનો નોંધ્યો હતો. જે બાબતે પોલીસની કામગીરી પર શંકા સેવાતા આ અંગે બારડોલી પોલીસ અધિક્ષકે તપાસ કરતા શુક્રવારે ગેસ રિફીલીંગ કરનાર વેપારી સામેની પોતાની પુત્રીના મોત અંગે સહદોષ માનવવધનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

પલસાણા તાલુકાના વરેલી ગામે તુલસીધામ સોસાયટીમાં હરીપ્રસાદ નામના દુકાન માલિકની દુકાનને લક્ષ્મણ સુખલાલ તૈલીને ભાડા પર આપી હતી. ત્યારે લક્ષ્મણ તૈલી પોતાની દુકાનમાં અનાજ કરીયાણાની આડમાં ગેરકાયદે ગેસ રિફીલીંગ કરતો હતો. દરમ્યાન ગયા રવિવારે સવારના સમયે દુકાનમાં બ્લાસ્ટ થતાં આગ લાગી હતી. ત્યારે આ આગમાં વેપારી લક્ષ્મણની ૬ વર્ષની માસુમ દીકરી દીપાલી હોમાઇ ગઇ હતી. જેને લઇ ચકચાર મચી ગઇ હતી. જયારે પીઇપીએલની ફાયરની ટીમ ઘટના સ્થળે આગ બુજાવવા આવી તે સમયે દુકાનમાં ૮ નાના ગેસના બાટલા તથા ૨ મોટા ગેસના બાટલા પણ મળી આવ્યા હતા. તેમજ બે ઈલેક્ટ્રીક વજનકાંટા પણ મળ્યા હતા.

તેમ છતાં કડોદરા પોલીસે આ તમામ વસ્તુને નજર અંદાજ કરી, ચા બનાવતા બાળકીનું મોત થયું હોવાની ફરિયાદ લીધી હતી. જેને લઇ આ અંગે કડોદરા પોલીસની કામગીરી પર શંકા સેવાઇ રહી હતી. તેમજ પોલીસે ૬ વર્ષની બાળકીના મોતનો પણ મલાજો નહીં રાખી ગેસ રિફીલીંગનો ઉલ્લેખ સુધ્ધા ફરિયાદમાં કર્યો નહોતો. જેને લઇ શુક્રવારે બારડોલી પોલીસ અધિક્ષક વસાવાએ આ અંગે તપાસ કરી બાળકીના પિતા લક્ષ્મણ સુખલાલ તૈલી ઉપર કલમ ૩૦૪ સહદોષ માનવવધનો ગુનો નોંધી તપાસ હાથ ધરતા, કડોદરા પોલીસની પોલ ખુલ્લી પડી ગઇ હતી.

## કડોદરા, વરેલી, પલસાણા, ચલથાણમાં ૧૦૦થી વધુ ગેરકાયદે ગેસ રિફીલીંગ સેન્ટરો

**કડોદરા** પોલીસે ઉચ્ચ અધિકારીઓને ખુશ કરવા તાબડતોડ ગેસ રિફીલીંગના ૫ કેસ બનાવ્યા

કડોદરા પોલીસ ફક્ત તેમના અધિકારીઓની વાહવાહી માટે જ કામગીરી કરતી હોય તેવું શુક્રવારે રાતે પ્રકાશમાં આવ્યું હતું. શુક્રવારે બારડોલી ડીવાયએસપીએ વરેલી ગેસના બાટલાના બ્લાસ્ટ પ્રકરણમાં વેપારીની ૬ વર્ષની પુત્રીના મોતનો જવાબદાર તેના પિતાને ઠેરવી સહદોષ માનવવધનો ગુનો દાખલ કરતાં કડોદરા પોલીસ તાબડતોડ હરકતમાં આવી ગઇ હતી. ઉચ્ચ અધિકારીઓની વાહવાહી લેવા માટે કડોદરામાં ૨, વરેલીમાં ૧ તથા તાતીથૈયામાં ૨ ગેસ રિફીલીંગના કેસ બનાવ્યા હતા. જયારે કડોદરા, વરેલી, પલસાણા, ચલથાણ સહિતના વિસ્તારોમાં ૧૦૦થી વધુ ગેસરિફિલિંગના ધંધા ધમધમે છે. ત્યારે ૬ વર્ષની બાળકીના મોત બાદ પોલીસે ખાલી અધિકારીઓને સારૂ લાગે તેમ ગેસ રિફીલીંગના ૫ કેસ બનાવી સંતોષ માન્યો હતો.

# કેબલ ટોલટેક્ષના મામલે આક્રમક બનેલી કોંગ્રેસનો ધારાસભ્યના ઘરને ઘેરાવ કરવાનો પ્રયાસ



**ધારાસભ્ય** દુષ્યંત પટેલ અને અરુણસિંહ રણાના ઘર અને પેટ્રોલપંપ પર પોલીસે બંદોબસ્ત ગોઠવી કોંગ્રેસી આગેવાનોની અટકાયત કરી

ભરૂચ : ભરૂચમાં નર્મદા નદી પરના કેબલ સ્ટેડ બ્રીજ ટોલટેક્ષના મુદ્દે કોંગ્રેસ આક્રમક મૂડમાં આવી છે. કોંગ્રેસે આશ્ચર્યજનક કાર્યક્રમની ઘોષણા કરી ત્રિપાંખીયો કાર્યક્રમ કરી ધારાસભ્યના ઘરને ઘેરાવ કરવાનો પ્રયાસ કર્યો હતો. જેને પોલીસે નિષ્ફળ બનાવ્યો હતો.

કેબલ બ્રીજ ટોલટેક્ષ શરૂ કરાતા જ કોંગ્રેસે ચૂંટણી સામેનો સળગતો પ્રશ્ન સમજી તેને વિરોધનું શસ્ત્ર બનાવી મેદાનમાં ઝંપલાવ્યું છે. પહેલા જ દિવસે કેબલબ્રીજ કૂચની નિષ્ફળતા બાદ કોંગ્રેસે આશ્ચર્યજનક અને આક્રમક કાર્યક્રમની ઘોષણા કરી હતી. જેના પગલે વહેલી સવારથી જ કસક વિસ્તારમાં પોલીસ તૈનાત કરી દેવાઇ હતી. એટલું જ નહિં ધારાસભ્ય દુષ્યંત પટેલના ઘર અને પેટ્રોલપંપ તથા ધારાસભ્ય અરુણસિંહ રણાના ઘર અને પેટ્રોલપંપ પર પણ પોલીસ તૈનાત કરાઇ હતી. દરમિયાન બપોરે ૧૨ વાગ્યાની આસપાસ કોંગ્રેસના જિલ્લા પ્રમુખ રાજેન્દ્રસિંહ રણા, પ્રવક્તા નાઝુ ફડવાલા, સુનીલ પટેલ, ભરુચ તાલુકા કોંગ્રેસના પ્રમુખ દિલાવર પટેલ સહિતના આગેવાનો અને કાર્યકરોનું ટોળું કસક ખાતે દોડી આવ્યું હતું. જેમણે ભાજપ સરકાર વિરૂધ્ધ નારા લગાવી ટોલટેક્ષ સામે વિરોધ નોંધાવ્યો હતો. વિરોધ પ્રદર્શન બાદ અચાનક કોંગ્રેસી આગેવાનો કસક સર્કલથી આગળ દોડી જતા પોલીસ અને કોંગ્રેસના આગેવાનો વચ્ચે રેસ લાગી હતી. જોકે પ્રિતમ સોસાયટીના નાકા પાસે જ પોલીસે આગેવાનોને અટકાવ્યા હતા.

પોલીસની સ્ટ્રેટેજીને પામી ગયેલા કોંગ્રેસે આ વખતે ત્રણ દિશામાં કાર્યક્રમને વહેંચ્યો હતો. જેમાં કેટલાક આગેવાનો સીધા ધારાસભ્ય દુષ્યંત પટેલના પટેલ સોસાટી સ્થિત રહેઠાણે દોડી ગયા હતા. જ્યારે સંદિપ માંગરોલા સહિતના અન્ય આગેવાનો ધારાસભ્ય અરુણસિંહ રણાના પ્રિતમ નગર ખાતેના રહેઠાણે દોડી ગયા હતા અને ત્યાં ઉગ્ર સૂત્રોચ્ચાર સાથે વિરોધ વ્યક્ત કર્યો હતો. જોકે તત્કાલ દોડી આવેલી પોલીસે બંને સ્થાન પરથી કોંગ્રેસના આગેવાનોની અટકાયત કરી સી-ડિવિઝન પોલીસ મથકે લઇ ગયા હતા.

## જ્યાં સુધી ટોલટેક્ષ બંધ નહિં થાય ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે : રાજેન્દ્રસિંહ રણા

ભાજપ સરકારે કેબલ બ્રીજના મામલે પ્રજા સાથે વિશ્વાસઘાત કર્યો છે. પહેલી નવરાત્રિથી જ ભાજપ સરકારે લોકોને ખિસ્સા ખંખેરવા માટે ટોલટેક્ષ ઉઘરાવવાની શરૂઆત કરી છે. પરંતુ ભાજપના ધારાસભ્યો મૌન ધારણ કરીને બેઠા છે. જનહિત માટે તેઓ કશું પણ બોલવા તૈયાર નથી અને તેવા સમયમાં કોંગ્રેસ એક વિરોધ પક્ષ તરીકે અવાજ ઉઠાવી રહી છે ત્યારે ભાજપ સરકાર પોલીસને આગળ ધરી રહી છે. કોંગ્રેસ તેનાથી ડરવાના નથી જ્યાં સુધી ટોલટેક્ષ બંધ નહિં થાય ત્યાં સુધી અમે ઝંપીને બેસવાના નથી.

## ■ સંક્ષિપ્ત સમાચાર ■

### મહુવાની સાર્વજનિક હાઇસ્કૂલમાં ગરબાનું આયોજન



બારડોલી: મહુવાની જી.એચ.ભક્ત સાર્વજનિક હાઇસ્કૂલમાં શાળા પરિવાર દ્વારા નવરાત્રીના પર્વને ધ્યાને લઇ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના ભૂલકા ભવનથી લઇ ધોરણ ૧૨ સુધીના બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઇ ડી.જે.ના સથવારે ઝૂમી ઉઠ્યા હતા. જયારે શિક્ષકોએ પણ આ ગરબામાં જોડાઇ ગરબાની રમઝટ માણી હતી.

### સેલંબાના નવાપાડા રોડ પર બાઇક પર લઇ જવાતો વિદેશી દારૂ ઝડપાયો

સેલંબા: સેલંબાના નવાપાડા રોડ પરથી વાહન ચેકીંગ દરમ્યાન મોટરસાઇકલ પર લઇ જવાતો વિદેશી દારૂનો જથ્થો સાથે એક ખેપિયાની અટકાયત કરી તેની સઘન પુછપરછ સાગબારા પોલીસ કરી રહી છે. સુઝુકી મોટરસાઇકલ નં. જીજે-૧૯-૪૬૧૬ પર એક પ્લાસ્ટીકના કોથળામાંથી દારૂના ૧૨૬ કવાટરીયા કિંમત રૂપિયા ૬૩૦૦નો મુદ્દામાલ મળ્યો હતો. પોલીસે સુઝુકી મોટરસાઇકલ કિંમત રૂપિયા ૭,૦૦૦ મળી કુલ ૧૩,૩૦૦ રૂપિયાના મુદ્દામાલ સાથે આરોપી શંકર પૃથ્વીસીંગ વળવી (રહે. સોરાપાડા તા. સાગબારા જિ. નર્મદા)ને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### બારડોલી ગોવિંદાઆશ્રમના અંબાનિકેતન મંદિરમાં ગરબાનું આયોજન



બારડોલી: બારડોલીના ગોવિંદાઆશ્રમ ટ્રસ્ટ અંબાનિકેતન મંદિરમાં નવરાત્રિના પાવનપર્વ દરમ્યાન દર વર્ષે ખેલૈયાઓ માટે વિનામુલ્યે આયોજન કરવામાં આવે છે. ત્યારે આ વર્ષે પણ આયોજન થતાં જ અંબાનિકેતન મંદિરનું પટાંગણ ખેલૈયાઓથી ઉભરાઇ ગયું હતું અને યુવાધન ડી.જેના તાલે અવનવા સ્ટેપ સાથે ગરબે ઝૂમી ઉઠ્યા હતા.

### ઉચ્છલમાં આજે આદિજાતિ સશકિતકરણ સંમેલન યોજાશે

વ્યારા: તાપી જિલ્લાનાં ઉચ્છલમાં આયોજિત આદિજાતિ વિભાગ, ગાંધીનગર દ્વારા કેન્દ્રીય રાજ્ય મંત્રી જસવંતસિંહ ભાભોર અને રાજ્યનાં આદિજાતિ વિકાસ તથા વન અને પ્રવાસન મંત્રી ગણપતસિંહ વસાવાની ઉપસ્થિતિમાં લાભાર્થીઓને આ સંમેલનમાં વન અધિકાર અધિનિયમ અન્વયે આદિજાતિ ખેડૂતોને ૭/૧૨ હક્કપત્ર, અધિકારપત્રો અને આદેશપત્રો, સંકલિત ડેરી વિકાસ યોજનાનાં લાભાર્થીઓને મંજૂરી હુ કમ અને વેલાવાળા શાકભાજીની મંડપ યોજના લાભાર્થીઓને મંજૂરી હુકમોનું વિતરણનું આયોજન કરાયુ છે. તા.૨૪/૯/૨૦૧૭નાં રોજ ઉચ્છલનાં સુમુલ ચીલીંગ સેન્ટરે ૯:૩૦નાં અરસામાં આદિજાતિ સશકિતકરણ સંમેલન યોજાવાનું હોય, આ કાર્યક્રમમાં કંઇ ખામી ન રહી જાય તે માટે કલેકટરની અધ્યક્ષતામાં સાંસ્કૃતિક કાર્યક્રમનું રિહર્સલ યોજાયુ હતું. લાભાર્થીઓને સહાય વિતરણ માટે ઉજજવલ્લા, વન, ટ્રાયબલ સબ પ્લાન, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીનાં ખાસ સ્ટોલ્સ પણ તૈયાર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત મતદારયાદી જનજાગૃતિ અભિયાન આરોગ્ય, ખાણ અને ખનીજ જેવા વિવિધ વિભાગોનાં કુલ ૨૦ સ્ટોલ પણ ઉભા કરવામાં આવ્યાનું જણાવ્યુ છે. રિહર્સલ કાર્યક્રમમાં નિવાસી કલેકટર, નિઝર પ્રાંત અધિકારી, ડીવાયએસપી, સોનગઢ પ્રાયોજના વહીવટદાર તથા અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### અંકલેશ્વર જીઆઇડીસીમાં ચોરીના મોબાઈલ સાથે ૨ ઝડપાયા



અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઇડીસી વિસ્તારમાં ચોરીના ૧૨ નંગ મોબાઈલ સાથે ૨ ચોરને પોલીસે ઝડપી પાડી કુલ ૩૧ હજાર નો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે. અંકલેશ્વર જીઆઇડીસી પોલીસ મથકનો સર્વેલન્સ સ્ટાફ જીઆઇડીસી વિસ્તારમાં પેટ્રોલીગમાં હતો. તે દરમ્યાન એશીયન પેઇન્ટ્સ ચોકડી પાસે ૨ શખ્સો ચોરીના મોબાઇલ વેચવા ફરી રહ્યા હોવાની બાતમી મળતા તેઓ તાત્કાલિક દોડી જઇ બન્નેને રોકી તલાસી લેતા થેલીમાંથી વિવિધ કંપનીના ૧૨ નંગ મોબાઈલ મળી આવ્યા હતા. પોલીસે કોંઢ ગામના સુનીલ પરબત નાયક અને ભડકોદ્રાની સાંઈધામ સોસાયટીમાં રહેતા સૈરભસીંગ રાજપૂતની અટકાયત કરી તેમની પાસેના વિવિધ કંપનીના ૩૧ હજારની કિંમતના ૧૨ નંગ મોબાઈલ કબજે કરી, ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બમરોલી ગામમાં દીપડો દેખાતા લોકોમાં ભયનો માહોલ

**વનવિભાગ** દ્વારા શનિવારે બમરોલી ગામે આવેલી વાડીમાં દીપડાને પકડવા પાંજરૂ ગોઠવવામાં આવ્યું હતું

બારડોલી: બારડોલી તાલુકાનાં બમરોલી ગામે છેલ્લા કેટલાક દિવસથી દીપડો નજરે પડી રહ્યો છે અને શુક્રવારની રાત્રિ દરમ્યાન આ દીપડાએ એક વાછરડી પર હુમલો કરતાં સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. એક અઠવાડીયા પહેલા આ દીપડાએ બમરોલી ગામે એક જંગલી ડુક્કરનો શિકાર કર્યો હોવાનું માલૂમ થતાં જ ખેતમજૂરો તેમજ ખેડૂતોમાં ભય ફેલાતા ખેતરમાં જવાનું ટાળી રહ્યા છે.

પ્રાપ્તપ્રમાહિતી મુજબ બારડોલી તાલુકાનાં બમરોલી ગામે કેટલાક સમયથી અવારનવાર દીપડો નજરે પડી રહ્યો છે. ત્યારે રાજુભાઇ હસમુખભાઇ પટેલ (રહે.સુરત, કતારગામ) ની બમરોલીમાં ૧૦ થી ૧૫ વીંઘા આંબાની વાડી આવેલી છે. આ આંબાવાડીની દેખરેખ મહેન્દ્ર નામનો શખ્સ કરે છે અને સાથે પશુપાલનનો ધંધો પણ કરે છે. શુક્રવારની રાત્રિ દરમ્યાન અચાનક એક દીપડો વાડીમાં આવી એક વાછરડાને મોઢાના ભાગે પકડી લેતા વાડીમાં રહેતો શખ્સે જાગી બૂમાબૂમ કરતાં દીપડો ત્યાંથી ભાગી ગયો હતો. બીજે દિવસે ગામના સરપંચ મહેન્દ્રસિંહ સોલંકીને જાણ કરતાં તેમણે તુરંત વનવિભાગના અધિકારીને જાણ કરતાં વનવિભાગ દ્વારા શનિવારે બમરોલી



ગામે આવેલી વાડીમાં દીપડાને પકડવા પાંજરૂ ગોઠવવામાં આવ્યું હતું. જયારે આ દીપડાને કારણે સ્થાનિકોમાં ભય જોવા મળી રહ્યો છે.

### વાલિયાના તુણા ગામમાં છ જુગારી રોકડ સાથે ઝડપાયા

વાલિયા: વાલિયા તાલુકાના તુણા ગામે પાનાપત્તાનો જુગાર રમતા છ જુગારીઓને કુલ રૂા.૧૨,૪૫૦ મુદ્દામાલ સાથે વાલિયા પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વાલિયા તાલુકાના તુણા ગામના નિશાળ ફળીયામાં કેટલાક વ્યકિત પાનાપત્તાનો જુગાર રમી રહ્યા હોવાની બાતમી વાલિયા પોલીસને મળી હતી. જેને આધારે વાલિયા પોલીસે દરોડા પાડી પાનાપત્તાનો જુગાર રમતા છ જુગારીઓ (૧) દિલીપ ગમેલભાઇ વસાવા (રહે. ડહેલી તા. વાલીયા જી.ભરૂચ) (૨) પીન્ટુ રવીલાલભાઇ વસાવા (રહે. પિઠોર તા. વાલીયા જી. ભરૂચ) (૩) મહેશ રવજીભાઇ વસાવા (રહે. વાલિયા જી. ભરૂચ) (૪) ઈશ્વર ઢેળીયાભાઇ વસાવા (રહે. તુણાતા.વાલિયા જી. ભરચ) (૫) શૈલેષ રતીયાભાઇ વસાવા (રહે. તુણા, તા.વાલિયા જી.ભરૂચ) (૬) અર્જુન કેસુરભાઇ વસાવા (રહે. તુણા તા.વાલિયા જી.ભરૂચ)ને ઝડપી પાડયા હતાં. વાલિયા પોલીસે સ્થળ પરથી રોકડ રૂપિયા ૨૪૫૦ તેમજ બે મોબાઇલ ફોનની કિંમત રૂા.૧૦,૦૦૦ સહિત કુલ રૂા.૧૨,૪૫૦નો મુદ્દામાલ ઝડપી પાડયો હતો. વાલિયા પોલીસે ઝડપાયેલા તમામ જુગારીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ખાંડ ઉદ્યોગમાં હંમેશા ચઢાવ-ઉતાવ આવ્યા કરે છે: ઈશ્વરસિંહ પટેલ




**પંડવાઇ** સુગરની સત્તાવીસમી વાર્ષિક સાધારણ સભામાં સર્વાનુમતે કામો મંજૂર

અંકલેશ્વર: અંકલેશ્વર, હાંસોટ, વાલીયા, ઓલપાડ, માંગરોળ અને માં ડવી તાલુકાનાં ખેડૂત મિત્રોની જીવાદોરી સમાન ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મં ડળી લિ. પંડવાઈની સત્તાવીસમી વાર્ષિક સાધારણ સભા તા. ૨૩/૯/૨૦૧૭નાં રોજ સંસ્થાના કેમ્પસમાં બપોરે ૧-૦૦ કલાકે સંસ્થાનાં ચેરમેન અને રાજય સરકારનાં રાજયકક્ષાના સહકાર મંત્રી ઈશ્વરસિંહ પટેલનાં અધ્યક્ષસ્થાને મળી હતી. તેમણે જણાવ્યું હતું કે ખાંડ ઉદ્યોગનાં પાછલા વર્ષોનો અભ્યાસ કરતા તમે જોઇ શકો છો કે દર બે-ત્રણ વર્ષે ખાંડનું ઉત્પાદન વધુ થાય છે અને દર બે-ત્રણ વર્ષે ખાંડનું ઉત્પાદન ઓછું થાય છે. જેના કારણે ખાંડ ઉદ્યોગમાં હંમેશા ચઢાવ-ઉતાર આવ્યા કરે છે.

સંસ્થાનાં મેનેજીંગ ડિરેકટર એ.એચ. પટેલે સભામાં કામો હાથ પર લીધા હતાં. જેને સભાસદ મિત્રોએ સર્વાનુમતે મંજૂર કર્યા હતાં. કેટલાક સભાસદ મિત્રો તરફથી આવેલા પ્રશ્નોનાં સંતોષકારક જવાબ સંસ્થાનાં ચેરમેન ઈશ્વરસિંહ પટેલે આપ્યાં હતાં. અંતમાં સંસ્થાનાં વાઇસ ચેરમેન હિતેન્દ્રભાઇ પટેલે આભારવિધિ કરી હતી.

# વાલેસા નજીક આઈઆરબી પ્લાન્ટમાં કામ કરતા કામદારે ફાંસો ખાઈ આપઘાત કર્યો

**પાલોદની** હદમાં કંપનીનાં શૌચાલયમાં જ એટેક આવતા અન્ય એકનું મોત

હથોડા : પાલોદ પોલીસચોકીની હદમાં વાલેસા ગામની સીમમાં હાઈવેની સાઈડે આવેલા આઈ.આર.બીનાં પ્લાન્ટમાં મજૂરીકામ કરતાં પરિવારનાં પૂત્રએ ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. જ્યારે જીએમ પ્લાસ્ટીકની ગલીમાં એક કંપનીમાં રહેતો શ્રમજીવી કુદરતી હાજતે જતાં શૌચાલયમાં જ તેને એટેક આવતાં મોત થયુ હતું.

બનાવ અંગે પાલોદ પોલીસ દ્વારા મળેલી વિગત મુજબ મૂળ ભરૂચ જીલ્લાનાં વાલીયા તાલુકાનાં રાજગઢમાં રહેતો અને પાલોદ નજીકનાં વાલેસા ગામની સીમમાં આવેલા આઈઆરબીના પ્લાન્ટમાં વેચાણભાઈ વસાવા તેની પત્ની તથા પુત્રો સાથે મજૂરીકામ કરે છે. તેના ૨૫ વર્ષના સતીષ નામનાં પુત્રએ ઝાડની ડાળી સાથે દોરી વડે ફાંસો ખાઈ લીધો હતો. જ્યારે બીજા બનાવમાં પાલોદ પોલીસચોકી પાસેની જીએમપ્લાસ્ટીકની ગલીમાં આવેલી મનિષ ફેબ્રીક નામની કંપનીમાં કામ કરતો બિહારીલાલ કિષ્ણ ધરરામ તિવારીને શૌચાલયમાં જ એટેક આવતાં મોત નીપજ્યું હતું.

# વાગરા બેઠક પર સ્વ. મનહર ગોહિલના પત્ની સહિત આઠ ઉમેદવારી કરવા ઈચ્છુક

**ઝઘડીયા** બેઠકના સમીકરણો બદલાવાની શકયતા

ભરૂચ: ભાજપના નિરિક્ષકોએ શનિવારે વાગરા અને ઝઘડીયા વિધાનસભાના સંભવિત ઉમેદવારો અંગે આગેવાનો અને કાર્યકર્તાઓને સાંભળવાની કાર્યવાહી શરૂ કરતા બંને બેઠકો પર આઠ-આઠ જેટલા ઉમેદવારોએ પોતાની દાવેદારી કરી હોવાના અહેવાલ મળી રહ્યા છે. જેમાં સ્વ.મનહરભાઇ ગોહિલના પત્નીએ પણ વાગરા વિધાનસભા બેઠક માટે દાવેદારી કરી હોવાના અહેવાલ છે.

ભાજપના ભરૂચ જિલ્લાની વિધાનસભાની પાંચ બેઠકો માટેના નિરિક્ષક એવા કેબિનેટ મંત્રી ગણપત વસાવા, પૂર્વ સાંસદ બાલુભાઇ શુકલ, મહિલા મોરચાના પૂર્વ પ્રદેશ પ્રમુખ મધુબેન પટેલે શનિવારે ભરૂચની હોટલ પ્લાઝામાં વાગરા અને ઝઘડીયા વિધાનસભાના અપેક્ષિત આગેવાનોને સાંભળવાની કાર્યવાહી કરી હતી. જેને લઇ વહેલી સવારથી જ હોટલ પ્લાઝામાં આગેવાનો અને કાર્યકરોનો મેળાવડો જામ્યો હતો. વાગરા બેઠક પર ધારાસભ્ય અરૂણસિંહ રણા ઉપરાંત તાજેતરમાં જેમનું અવસાન થયું છે તેવા ભરૂચ જિલ્લા ભાજપના મહામંત્રી સ્વ. મનહરભાઇ ગોહિલના પત્ની મીનાબેન ગોહિલે પણ વિધાનસભા ચૂંટણીના ઉમેદવાર માટે પોતાની દાવેદારી કરી છે. આ ઉપરાંત વાગરા તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ ફતેસંગ ગોહિલ, જિલ્લા ભાજપના ઉપપ્રમુખ મારૂતિસિંહ અટોદરિયા, યુવા ભાજપના ઉપપ્રમુખ સંજયસિંહ ચાવડા, ચંદુભાઇ ગોહિલ અને લઘુમતી મોરચાના મહામંત્રી કાસમ રાજે પણ પોતાની દાવેદારી કરી છે.

### બારડોલીમાં અનાવિલ સેવા સમાજ ટ્રસ્ટની વાર્ષિક સભા મળી: વિદ્યાર્થીઓનું સન્માન કરાયું

બારડોલી: બારડોલીમાં અનાવિલ સેવા સમાજ ટ્રસ્ટ યુવા પાંખ અને મહિલા પાંખની વાર્ષિક સામાન્ય સભા યોજાઇ હતી. આ પ્રસંગે સ્વાગત પ્રવચન ટ્રસ્ટનાં પ્રમુખ ડો. રાજેન્દ્ર દેસાઇ દ્વારા કરવામાં આવ્યું હતું અને વિનોદ દેસાઇએ સમાજનો ઈતિહાસ રજૂ કર્યો હતો. ત્યારબાદ ૨૦૧૬-૧૭ના વાર્ષિક હિસાબનું વાંચન અશ્વિન દેસાઇએ કર્યું હતું. સુરત ટી.એન્ડ.ટી.વી. સ્કૂલના માજી આચાર્ય દીપકભાઈ વશીએ માજી વડાપ્રધાન મોરારજી દેસાઈનું સૈદ્ધાંતિક તેમજ દેશને મળેલુ સુદ્રઢ આર્થિક વ્યવસ્થા બાબતે વક્તવ્ય રજૂ કર્યું હતું. સમારંભના પ્રમુખ હરીશ નાયકે અનાવિલોની ગતિ, ધંધાર્થે ગતિના સોપાનો, રીતરિવાજો વિષે વિસ્તૃત પ્રવચન કર્યું હતું. બારડોલી અનાવિલ યુવા પાંખ પ્રમુખ સંદીપ નાયક, ઉપપ્રમુખ અચલ દેસાઈ, રોનક દેસાઇ, બારડોલી પ્રદેશ અનાવિલ સમાજ પ્રમુખ દિનેશ દેસાઈના હસ્તે તેજસ્વી તારલા ધો.૧ થી ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનું સ્મૃતિભેટથી સન્માન કરવામાં આવ્યું હતું. અનાવિલ મહિલા પાંખ પ્રમુખ ફાલ્ગુનીબેન દેસાઇએ મહિલા પાંખની પ્રવૃત્તિઓનો તથા યુવા પાંખની પ્રવૃત્તિનો હેવાલ પ્રમુખ સંદીપ નાયકે આપ્યો હતો.

# માંડવી સુગરના ચેરમેન, વા. ચેરમેન, એમ.ડી.ના જામીન કોર્ટે નામંજૂર કર્યા

**કોર્ટના** નિર્ણયથી ખેડૂતોમાં આનંદ

તરસાડા: માંડવી સુગરના ત્રણે હોદ્દેદારોના જામીન બારડોલી સેશન્સ કોર્ટે નામંજૂર કરતા ચકચાર મચી ગઇ છે. હાલ લાજપોર જેલની હવા ખાતા માંડવી સુગરના ચેરમેન બાબુ બદન, વા.ચેરમેન પ્રવિણ ચૌધરી તથા એમ. ડી. રવિન્દ્ર પટેલના અંધેર વહીવટના કારણે નવી સુગર મિલ બંધ થઇ છે. છેલ્લા બે વર્ષથી ખેડૂત સભાસદો, ટ્રક-ટ્રેકટરવાળા ટ્રાન્સપોર્ટરો, શેરડી વાહતુક કરનારા મજૂરો, મુકાદમોના નાણાં ફસાયા છે અને ૭૬ કરોડથી વધુનું મોટુ કૌભાંડ બહાર આવ્યું છે. કદાચ ખાંડ ઉદ્યોગમાં પ્રથમ બનાવ હશે કે સંસ્થાના ચેરમેન, એમ. ડી., વા. ચેરમેન જેવા મહત્વના હોદ્દેદારોએ જેલમાં જવું પડયું હોય. આ ઘટના ખાંડ ઉદ્યોગ માટે પણ શરમજનક છે. માંડવી સુગરના ત્રણેય હોદ્દેદારો સામે ચાર્જશીટ મુકાયા બાદ જામીન મેળવવા માટે ખેડૂત લડત સમિતિના એડવોકેટ આશિષ કાપડીયાએ કોર્ટને ધારદાર રજૂઆત કરી હતી કે ખેડૂતોની શેરડીના હક્કના નાણાં હજમ કરી જનારા ત્રણે આરોપીને કદી જામીન આપી નહીં શકાય. આથી કોર્ટે દલીલના આધારે જામીન નામંજૂર કર્યા છે. આ બાબતે 'ગુજરાતમિત્ર'ના પ્રતિનિધિ સાથેની ટેલીફોનિક મુલાકાતમાં માંડવી સુગરના લડત સમિતિના પ્રમુખ જગદીશ પટેલ (અવિધા) તથા કન્વીનર પ્રકાશ પટેલ (અરેઠ)એ જણાવ્યું હતું કે માંડવી સુગરના કરોડો રૂપિયા હજમ કરી જનારા ચેરમેન, એમ.ડી., વા.ચેરમેનના કારણે નવી નવી માંડવી સુગરનું બાળમરણ થયું છે. હંમેશા સત્યનો વિજય થાય છે. સેશન્સ કોર્ટે પણ જામીન નામંજૂર કરતા, ખેડૂતો તરફી વલણ રહ્યું છે. લડત સમિતિ છેવટ સુધી લડી લેવા માટે સક્રિય છે. ખેડૂતોના ડુબેલા નાણાં મેળવીને જ જંપીશું તેવો નિર્ધાર વ્યકત કર્યો છે. હાઇકોર્ટ, સુપ્રીમ સુધી લડવાની તૈયારી છે. હાઇકોર્ટમાં પણ સમિતિના આગેવાનો કહે છે કે, ત્રણે સંચાલકો રૂા.૫૦ કરોડ જમા કરાવે પછી જ જામીન આપવા જોઇએ. તેવી નક્કર માગ કરી હતી.

## બોર્ડની મિટીંગમાં એમ.ડી., વા.ચેરમેનને સસ્પેન્ડ કરી દૂર કરાયા

તરસાડા: માંડવી સુગરની મળેલી બોર્ડ ઓફ ડીરેકટર્સની મીટીંગમાં ઇન્ચાર્જ ચેરમેન તથા બોર્ડના સભ્યોએ એમ.ડી.રવિન્દ્ર પટેલ તથા વા. ચેરમેન પ્રવિણ ચૌધરીને હોદ્દા પરથી સસ્પેન્ડ કરીને દુર કર્યા હતા. જેથી આર્થિક રીતે ભોગ બનેલા ખેડૂત-સભાસદોમાં આનંદ ફેલાયો છે. સૌ ન્યાય મળે તેની રાહ જોઈ રહ્યા છે. ચેરમેને બાબુબદને તો ચાર મહિના પહેલા જ રાજીનામું આપી દીધું હતું.